ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦/બી જુના સચિવાલય પાસે
ગાંધીનગર
તા.૨૩/૦૪/૨૦૨૦

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના પરિણામ પત્રક અને શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવા માટે ધ્યાનમાં લેવાની સૂચનાઓ બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૬/૨૬૭ તા.૨૭/૦૯/૨૦૧૬
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮
(૩) શિક્ષણ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હાલમાં નોવેલ કોરાના વાયરસ (COVID-19) ને કારણે સમગ્ર વિશ્વમાં વૈશ્વિક મહામારી તરીકે WHO દ્વારા જાહેર કરેલ છે. તેના અનુસંધાને સંદર્ભદર્શિત પત્ર-૩ થી શિક્ષણ વિભાગે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે "માસ પ્રમોશનથી" પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા અંગેનો નિર્ણય કરેલ છે.

ઉપરોક્ત બાબતે વિવિધ જિલ્લામાંથી શાળાઓ દ્વારા પરિણામ કેવી રીતે તૈયાર કરવું ? વિદ્યાર્થીઓને કયા પ્રકારની માર્કશીટ આપવી ? તેમજ જો કોઈ વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (S.L.C.) આપવાનું થાય તો કેવી રીતે આપવું ? આ અંગેની પૂછપરછ કરવામાં આવેલ છે. આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નોંધણી કરેલ રાજ્યમાં આવેલ સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પરિણામની જાહેરાત કરવાની થાય છે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ તમામ પ્રવાહની શાળામાં નિયમિત અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ કરીને ઉપલા ધોરણમાં લઈ જવા માટે વિદ્યાર્થીઓને પરિણામ પત્રક આપવાનું રહે છે તેમજ જે વિદ્યાર્થીઓ અન્ય શાળામાં અભ્યાસ માટે સ્થળાંતર કરે છે તેવા કિસ્સામાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (S.L.C.) આપવાનું થાય છે. રાજ્યની તમામ શાળાઓમાં પરિણામ પત્રકમાં દર્શાવવાની વિગતો તેમજ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (S.L.C.)માં દર્શાવવાની વિગતોમાં એકસૂત્રતા જળવાઈ રહે અને કોઈ વિસંગતતા ઊભી ન થાય તે માટે વિદ્યાર્થીઓને એક શાળામાંથી અન્ય શાળામાં જવા માટેના પરિણામ પત્રક અને શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.)માં દર્શાવવાની વિગતો નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ અમલ કરવાનો રહેશે.

23/4/2020

પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ), વાર્ષિક પરીક્ષા (૮૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) લેવાતી હોય તેવા વિષયો માટે :-

- શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માં પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) પરીક્ષા લેવાયેલ છે જ્યારે શાળાઓમાં વાર્ષિક પરીક્ષા (૮૦ ગુણ) લેવાયેલ નથી. પરિણામ પત્રક તૈયાર કરવા માટે પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), દ્વિતિય પરીક્ષા (૫૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) એમ કુલ ૧૨૦ ગુણની પરીક્ષા યોજાયેલ છે. ઉક્ત કુલ ૧૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને પરિણામ તૈયાર કરવાનું રહે અને વાર્ષિક પરીક્ષાના પરિણામના ખાનામાં વિષયવાર ૧૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને જે તે વિષયના ખાનામાં આ ગુણ લખવાના રહેશે. વિદ્યાર્થી જે તે વિષયમાં ૩૩ ટકા કે તેથી વધુ ગુણ મેળવે તો તે વિષયમાં તે પાસ ગણાય અને જો પરિણામમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તેવા સંજોગોમાં સિદ્ધિ ગુણ કે કૃપા ગુણ સંદર્ભપત્ર-૧ અને સંદર્ભપત્ર-૨ મુજબ વર્ગ બઢતીના નિયમોની જોગવાઈ અનુસાર આપવાના રહેશે અને તેમ છતાં તે વિદ્યાર્થીઓને E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તો તેવા વિદ્યાર્થીઓના પરિણામ પત્રકમાં પરિણામના ખાનામાં "માસ પ્રમોશનથી પાસ" એમ દર્શાવવાનું રહેશે.

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક પરીક્ષા-૪૦ ગુણ અને પ્રાયોગિક પરીક્ષા-૪૦ ગુણ કુલ ૮૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) લેવાતા હોય તેવા વિષયો માટે :-

- જે વિષયોની પરીક્ષા વર્ષમાં માત્ર એકજ વાર વાર્ષિક પરીક્ષા લેવાની જોગવાઈ છે તેવા વિષયોની પરીક્ષા લેવાયેલ નથી. તેથી તે વિષયોના ગ્રેડ વર્ષ દરમિયાન કરેલ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરીત કરીને તે વિષયના ગ્રેડના ખાનામાં ગ્રેડ દર્શાવવાનો રહેશે જો તે વિષયમાં E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તો તેના પરિણામ પત્રકમાં પરિણામના ખાનામાં "માસ પ્રમોશનથી પાસ" એમ દર્શાવવાનું રહેશે.
- ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
- સદર જોગવાઈ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં અપવાદરૂપ સંજોગોમાં જ કરવામાં આવેલી છે અને તે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ પુરતી જ છે તે સૌ શાળાઓએ ધ્યાને લેવાની રહેશે.
- દર વર્ષની જેમ તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ઉપરની જોગવાઈઓ મુજબ પરિણામ તૈયાર કરી પરિણામ પત્રક આપવાનું રહેશે. (પરિણામ પત્રકનો નમૂનો અને તે અંગેની સૂચનાઓ પરિશિષ્ટ-૧ માં સામેલ છે.)
- જે વિદ્યાર્થી પરિણામમાં E ગ્રેડ મેળવેલ અને "માસ પ્રમોશન"નો લાભ મેળવીને પાસ જાહેર થયા હોય તેવા વિદ્યાર્થી એક શાળામાંથી અન્ય શાળામાં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) ના રિમાર્ક્સના ખાનામાં "માસ પ્રમોશનથી પાસ" એમ દર્શાવવાનું રહેશે.

૨૩।૪।૨૦૨૦

વિદ્યાર્થીઓના પરિણામ પત્રક તૈયાર કરવાની કામગીરી જે તે જિલ્લાના વહીવટ તંત્ર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની પરિસ્થિતિને ધ્યાને લઈ અવર જવર માટે બહાર પાડવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈને શાળાના આચાર્યશ્રીએ પાલન કરીને કરવાની રહેશે.

આ અંગે આપના તાબા હેઠળની તમામ સરકારી શાળાઓ, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:-</u>

(૧) સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(3) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના યોગ્ય તે કાર્યવાહી અર્થે :-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નોંધાયેલ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ અને અમલવારી સારૂ.

(૨) સંયુક્ત નિયામક, સંશોધન શાખા, સદર કચેરી

પરિશિષ્ટ-૧

વર્ષ-૨૦૧૯-૨૦૨૦ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓનું પરિણામ પત્રકનો નમૂનો અને તેની સૂચનાઓ

પરિણામ પત્રકનો નમૂનો

| વિષય | પ્રથમ પરીક્ષા ગુણ | દ્વિતિય પરીક્ષા ગુણ | આંતરિક મૂલ્યાંકનના ગુણ | વાર્ષિક પરીક્ષાના ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ | સિદ્ધિ ગુણ | કૃપા ગુણ | ગ્રેડ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૫૦ | ૫૦ | ૨૦ | ૮૦ | ૧૨૦ | ૧૦૦ | ૧૫ | ૧૦ | | |
| ગુજરાતી | ૨૨ | ૩૭ | ૧૬ | (COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી. | ૭૫ | ૬૩ | | | B | ૬૧.૮૫ |
| હિન્દી | ૨૫ | ૨૯ | ૧૨ | | ૬૬ | ૫૫ | | | C+ | |
| અંગ્રેજી | ૨૧ | ૨૬ | ૧૭ | | ૬૪ | ૫૩ | | | C+ | |
| સંસ્કૃત | ૩૯ | ૩૬ | ૧૬ | | ૯૧ | ૭૬ | | | B+ | |
| સામાજિક વિજ્ઞાન | ૧૬ | ૩૯ | ૧૬ | | ૭૧ | ૫૯ | | | C+ | |
| ગણિત | ૨૬ | ૩૦ | ૧૩ | | ૬૯ | ૫૮ | | | C+ | પરિણામ |
| વિજ્ઞાન | ૩૫ | ૩૨ | ૧૫ | | ૮૨ | ૬૮ | | | B | પાસ |
| ચિત્રકામ | - | - | ૧૦ | | - | - | | | C | |
| સ્વા. અને શા.શિક્ષણ | - | - | ૧૫ | | - | - | | | B+ | |
| કમ્પ્યુટર | - | - | ૧૮ | | - | - | | | A+ | |
| કુલ ગુણ | ૧૮૪ | ૨૨૯ | | | ૫૧૮ | ૪૩૨ | | | | |
| કુલ ગુણ | ૭૦૦ માંથી ૪૩૨ | | | | | | | | | |

નોંધ:- પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં મેળવેલ ગુણનો સરવાળો કુલ ગુણમાં ગણતરીમાં લેવાનો નથી. તેમજ તે વિષયો માટે ગ્રેડના ખાનામાં મેળવેલ ગુણના આધારે ગ્રેડ દર્શાવવાનો રહેશે.

(દા.ત. ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના મેળવેલ ૧૦ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય જે નીચેની સુચના ક્રમ-૮ માં દર્શાવેલ કોષ્ટક મુજબ ગ્રેડ "C" થાય.)

પરિણામ પત્રક તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની સૂચનાઓ:-

1. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી વાર્ષિક પરીક્ષાના ગુણના ખાનામાં ગુણના બદલે "(COVID-19) ના કારણે વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી."

2. વાર્ષિક પરીક્ષા યોજાયેલ ન હોવાના કારણે કુલ ગુણના ખાનામાં ૨૦૦ ગુણના બદલે પ્રથમ પરીક્ષા, દ્વિતિય પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના કુલ ૧૨૦ ગુણમાંથી ગુણાંકન કરીને વિષયવાર ગુણ દર્શાવવાના રહેશે.
3. પ્રાયોગિક પાસા સિવાયના વિષયો માટે મેળવેલ ગુણના ખાનામાં ૧૨૦ ગુણમાંથી મેળવેલ વિષયવાર ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને દર્શાવવાના રહેશે.
4. જ્યારે પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં જો આંતરિક મૂલ્યાંકનના ગુણ આપવાની જોગવાઈ હોય તેવા વિષયોમાં આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને તેના આધારે ગ્રેડ નક્કી કરીને ગ્રેડના ખાનામાં ફક્ત ગ્રેડ દર્શાવવાનો રહેશે. (ઉપર દર્શાવેલ નમૂનામાં ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના ૧૦ ગુણ છે જેને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય, નીચે દર્શાવેલ ક્રમ-8 મુજબના કોષ્ટકમાં ગ્રેડ વર્ગીકરણ દર્શાવેલ છે તે મુજબ તે ૪૧ થી ૫૦ ગુણના ગ્રેડ વર્ગીકરણમાં આવતા હોય તેનો ગ્રેડ "C" દર્શાવેલ છે.
5. જે વિદ્યાર્થીએ દરેક વિષયમાં ૩૩ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ છે એટલે કે તમામ વિષયોમાં પાસ થાય છે તેવા વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓ જે પરિણામ મેળવતા હોય તે પરિણામ અને ટકા નિયત ખાનામાં દર્શાવવાના રહેશે.
6. આ રીતે તૈયાર થયેલ વિષયવાર પરિણામમાં જો વિદ્યાર્થી ૩૩ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ન હોય (E ગ્રેડ) ધરાવતા હોય તેવા વિષયમાં સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ વર્ગ બઢતીના નિયમોની જોગવાઈના નિયમ-૬ મુજબ આપવાના રહેશે અને આ રીતે સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપ્યા બાદ પણ જો વિદ્યાર્થી ૩૩ ટકા ગુણ (E ગ્રેડ) થતા ન હોય તેવા વિદ્યાર્થીના પરિણામના ખાનામાં "માસ પ્રમોશનથી ઉપલા ધોરણમાં ચઢાવ્યા" તે મુજબની નોંધ કરવાની રહેશે. ટકાના ખાનામાં ટકા દર્શાવવાના રહેશે નહી.
7. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
8. ગ્રેડ વર્ગીકરણનું કોષ્ટક

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| ૧ | ૯૧ થી ૧૦૦ | A+ |
| ૨ | ૮૧ થી ૯૦ | A |
| ૩ | ૭૧ થી ૮૦ | B+ |
| ૪ | ૬૧ થી ૭૦ | B |
| ૫ | ૫૧ થી ૬૦ | C+ |
| ૬ | ૪૧ થી ૫૦ | C |
| ૭ | ૩૩ થી ૪૦ | D |
| ૮ | ૩૩ થી ઓછા | E |